**વડીલોને વંદન**


**અભિનંદન**



હરિભાઈ એન. ચૌહાણ
(૧૯૩૮) ફોન : ૨૩૨૩૪૩૯૭



ગુણિયનબેન બી. કવિ
(૧૯૪૯) ફોન : ૨૩૨૮૯૯૯૫



ગુણવંતલાલ એસ.શાહ
(૧૯૪૯) ફોન : ૨૩૨૪૪૧૪૫



એ. જે. શાહ
ફોન : ૨૩૨૩૭૩૩૩

# રૂપાલ ગામે વડ નીચે સંતાડેલો દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો

## ૧૬ બોટલ દારૂની અને ૨૦ નંગ બિયરના ટીન સાથે એકની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેર નજીક આવેલા રૂપાલ ગામની સીમમાં સ્થિત એક વડના ઝાડ નીચે વિદેશી દારૂ-બિયરનો જથ્થો સંતાડ્યો હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસે દરોડો પાડી દારૂ-બિયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. રૂપાલના બુટલેગરની રૂ. ૮,૪૦૦ના દારૂ-બિયર સાથે પોલીસે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પોલીસમથકનાં પીએસઆઈ ઓ.એમ. દેસાઈને આજે બપોરના અરસામાં બાતમી મળી હતી કે રૂપાલ ગામની સીમમાં સ્થિત જગાભાઈના વડના ઝાડ નીચે ગામના બુટલેગરે દારૂ-બિયરનો જથ્થો સંતાડ્યો છે જેને આધારે પેથાપુર પોલીસની ટીમ બાતમીવાળા સ્થળે પહોંચી ગઈ હતી અને વડ નીચેની જગ્યા ખોદીને તપાસ કરતાં ત્યાંથી ૧૬ નંગ વિદેશી દારૂની બોટલ અને ૧૦ નંગ બિયરના ટીમ મળીને રૂ. ૮,૪૦૦ની કિંમતનો દારૂ-બિયર મળી આવ્યો હતો. આ દારૂ-બિયર સંતાડનાર રૂપાલના બુટલેગર મુકેશ અમરત પટેલની પેથાપુર પોલીસે ધરપકડ કરી ઉંડી તપાસ શરૂ કરી છે.

# સેક્ટર-૨૪ શાકમાર્કેટમાં અસહ્ય ગંદકીથી ગૃહિણીઓ હેરાન

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૪ ખાતે આવેલ શાકમાર્કેટમાં અસહ્ય ગંદકીને કારણે શાકભાજી ખરીદવા આવતી ગૃહિણીઓને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ખદબદતી ગંદકીને કારણે શાકમાર્કેટમાં માખી તેમજ મચ્છરોનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે. વરસાદની સિઝનમાં તંત્ર દ્વારા શાકમાર્કેટમાં યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેમ શાક ખરીદવા આવતી ગૃહિણીઓની લાગણી અને માંગણી છે.

ગાંધીનગર શહેમરાં ચાર શાકમાર્કેટ આવેલા છે. જેમાં સેક્ટર-૨૧માં પાકા ઓટલા તેમજ નીચે ફ્લોરીંગ હોવાથી ગંદકી થવાની નહીવત શક્યતા રહેલી છે. તેવી જ રીતે સેક્ટર-૬માં પણ શાકમાર્કેટમાં તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ છે. સેક્ટર-૭ શાકમાર્કેટ જ્યાં આવેલું છે તે જગ્યાએ પાર્કિંગ એરીયા હોવાથી ત્યાં ગંદકી જોવા મળતી નથી. ત્યારે શહેરનું જુનુ તેમજ ગીચતા ધરાવતા સેક્ટર-૨૪ શાકમાર્કેટમાં આજદિન સુધી પાયાની જરૂરીયાત ઉભી કરવામાં આવી નથી. શાકમાર્કેટમાં સેક્ટર-૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૩, ૧૬, ૧૫ સહિતના શહેરીજનો મોટી સંખ્યામાં શાકની ખરીદી માટે આવતા હોય છે પરંતુ ખુલ્લી જગ્યામાં લારીઓ લઈને ઉભા રહેતા વેપારીઓની ચોમાસાની ઋતુમાં ગંદકીને કારણે હાલત કફોડી બની જાય છે. જ્યારે શાક ખરીદવા આવતી ગૃહિણીઓ પણ ખદબદતા ગંદકીને કારણે અન્ય શાકમાર્કેટમાં જવાનું પસંદ કરે છે. શાકમાર્કેટમાં આવતી ગૃહિણીઓ અને વેપારીઓ તંત્ર દ્વારા યોગ્ય નિરાકરણ લાવવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

# શહેરીજન સંસ્થા સે-૭/ડીનો સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૭-ડીની શહેરીજન સંસ્થા દ્વારા ઓગષ્ટ માસમાં સંસ્થાના સભ્યોના બોર્ડમાં સારું પરીણામ લાવેલા પૌત્ર-પૌત્રાદીનો સન્માન સમારંભ યોજાશે.

સેકટર-૭-ડી શહેરીજન સંસ્થાના સભ્યોના પૌત્ર-પૌત્રાદી કે જેઓ ધોરણ ૧૦ અને ૧૨માં અભ્યાસ કરી ચૂકયા છે અને ૭૫ ટકા કે તેથી વધુ ગુણો પ્રાપ્ત કર્યા છે તેઓનું ઓગષ્ટના ત્રીજા કે ચોથા સપ્તાહમાં બહુમાન કરવામાં આવશે. સંસ્થાના સભ્યોએ વિદ્યાર્થીઓની માર્કશીટ ૫મી ઓગષ્ટ સુધીમાં સંસ્થાના પ્રમુખ જયંતભાઈ ભટ્ટ પ્લોટ નં. ૧૨૪૨/૨ અથવા મહામંત્રી કે.ઓ. વ્યાસ પ્લોટ નં. ૧૨૯૫/૧ને રૂબરૂ પહોંચાડવા ખાસ જણાવ્યું છે. ગાંધીનગરના નિવૃત્ત અધિકારી મંડળના આ સાલ ૭૫ વર્ષ પૂરા કરનાર સભ્યોનો સન્માન સમારંભ પણ યોજવામાં આવશે. બંને કાર્યક્રમો અલગ રીતે રાખવાનું આયોજન કરવામાં આવ્યું છે જેની બંને કારોબારીના સભ્યોએ તેમના વિસ્તારના સભ્યોને જાણ કરવા પ્રમુખ જયંત ભટ્ટે ખાસ જણાવ્યું છે.





# ડીસાથી દાંતીવાડા સુધીનો માર્ગ બિસ્માર બનતા નાગરિકોએ રસ્તો રોકો આંદોલન કર્યું

ડીસા, તા. ૨૬

ડીસાથી રાણપુર અને દાંતીવાડા સુધી જતો માર્ગ ચોમાસાના વરસાદથી બિસ્માર બનતા આજુબાજુના ૨૦ ગામોએ એક માત્ર રસ્તો હોવાથી ગ્રામજનોને ભારે હાલાકી ભોગવી રહ્યા છે. જેઓએ આજે રસ્તા રોકો આંદોલન ચલાવી નાયબ કલેક્ટરને આવેદનપત્ર આપી દિન-૭માં યોગ્ય માર્ગ કરવા માંગણી કરી છે. અન્યથા ઉગ્ર આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.

આ ઘટનાની વિગતો એવી છે કે આજરોજ પોતાના ગામને શહેરથી જોડતો મુખ્ય માર્ગ તુટી પડતા રાણપુર અને આજુબાજુના ગામના કેટલાક આગેવાનો નવીન રોડની માંગણી સાથે ડીસાના રામાપીર મંદિર પાસે એકઠા થયા હતા અને રસ્તા રોકો આંદોલન ચલાવી રીક્ષાઓ અને વાહનોની આડશો મુકી કલાકો સુધી રામાપીર મંદિર પાસે બ્લોક કર્યો હતો જેનાથી રાહદારીઓ અને વાહનચાલકો અટવાયા હતા. જે બાદ રજૂઆત કરતા ડીસાની નાયબ કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા અને પોતાની રજૂઆતોનું આવેદન પત્ર હાજર અધિકારીને સોંપ્યું હતું.

# ગુજરાત સરકારી મહાસંમેલન ૨૦૧૩ અડાલજ ખાતે યોજાશે

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત રાજય સહકારી સંઘ, અમદાવાદ દ્વારા રાજય કક્ષાનું એક ગુજરાત સહકારી મહાસંમેલન ૨૦૧૩ (ગુજરાત કો-ઓપરેટીવ કોંગ્રેસ)નું આગામી તારીખ ૩૦ જુલાઈ ૨૦૧૩ને મંગળવારના રોજ દાદા ભગવાન ત્રિમંદિર, જાયજેન્ટિક હોલ, મુ. અડાલજ, અમદાવાદ-મહેસાણા હાઈવે, જી. ગાંધીનગર ખાતે રાખવામાં આવનાર છે.

જે મહાસંમેલનમાં ઉદઘાટન રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વરદહસ્તે કરવામાં આવનાર છે. સમારંભના મુખ્ય મહેમાનપદે રાજયના શિક્ષણ, કાયદા અને ન્યાય મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કૃષિ અને સહકાર મંત્રી બાબુભાઈ બોખિરીયા અને સમારંભનું પ્રમુખ સ્થાન એન.સી.યુ.આઈ., ન્યુ દિલ્હીના વાઈસ પ્રેસિડેન્ટ કો. ઓપરેટીવ બેકીંગ ન્યુ દિલ્હીના ચેરમેન અને રાજય સહકારી સંઘના અધ્યક્ષ ઘનશ્યામભાઈ અમીન હાજરી આપશે. ગુજરાત રાજય સહકારી મહા સંમેલન-૨૦૧૩માં રાષ્ટ્રના, રાજયના સહકારી આગેવાનો ઉપરાંત રાજયભરની સહકારી મંડળીઓના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ભાગ લેનાર છે. આ સેમિનારમાં સહકારી ક્ષેત્રના વિવિધ સિદ્ધિઓ અને આગામી દિશા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે.

## સિંધુ ડાલ પૂજનનો કાર્યક્રમ ૨૮મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના સેક્ટર-૩૦માં આવેલા ઝૂલેલાલ મંદિરમાં તા. ૨૮મી જુલાઈના રોજ સવારે ૮ કલાકે સિંધુ ડાલ પૂજનનો કાર્યક્રમ આપવામાં આવ્યો છે. સિંધ વિના હિન્દ અને સિંધુ વિના હિન્દુ એટલે હિન્દુસ્તાનની કલ્પના અધુરી છે. ૧૭મી સિંધુ દર્શન યાત્રા ૨૩થી ૨૬મી જુન દરમિયાન યોજાઈ હતી. તે સમયે સિંધુ નદી (લેહ-લદ્દાખ)માંથી લાવેલ સિંધુ ડાલનું પૂજન અને સિંધુ દર્શન યાત્રા અંગેની માહિતીનો કાર્યક્રમ યોજાશે.

## ભાદરવી પૂનમના મેળામાં અંબાજી જતા સંઘોની ૨૮મીએ સભા યોજાશે

આ વર્ષે ભાદરવી પૂનમના મોટા અંબાજી ખાતે તા. ૧૩મી સપ્ટેમ્બરથી ૧૯મી સપ્ટેમ્બર દરમિયાન યોજાનાર અંબાજી મેળામાં અમદાવાદથી અંબાજી જતાં સંઘોની સભા ૨૮મી જુલાઈને રવિવારે સવારે ૧૦ વાગે વન ટેન રેસ્ટોરન્ટ, ચાંદખેડા બસ સ્ટોપ પાસે, ચાંદખેડા ખાતે યોજાશે.

અમદાવાદથી અંબાજી જતા સંઘના પ્રતિનિધિઓ આ પ્રસંગે ઉપસ્થિત રહેશે. સંસ્થાના સ્થાપક ટ્રસ્ટીઓ અને અમદાવાદ ઝોનના પ્રતિનિધિઓ નરેશ રાજા અને રશ્મિકાંત દરજીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ગાંધીનગર જિલ્લા ઠાકોર સમાજની જનરલ સભા યોજાશે

ગાંધીનગર જિલ્લા ઠાકોર સમાજ દ્વારા સમાજની જનરલ સભા આગામી તારીખ ૨૮ જુલાઈ-૨૦૧૩ને ટાઉનહોલના બગીચામાં રાખવામાં આવેલ છે. તો સર્વે ઠાકોર સમાજના ભાઈઓ બહેનોને જનરલ સભામાં હાજર રહેવા નમ્ર અપીલ કરવામાં આવી છે. તેમ સમાજના મંત્રી સોમાજી તેજાજી દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## ફેલોશીપ ઈન્ટરનેશનલ સ્કૂલ, ચિખલીના વિદ્યાર્થીઓએ રાજ્યપાલશ્રીની લીધેલી મુલાકાત

ફેલોશીપ ઈન્ટરનેશનલ સ્કૂલ, ચિખલી (જિ. નવસારી)ના વિદ્યાર્થીઓએ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીની મુલાકાત લીધી હતી.

ગાંધીનગરમાં શૈક્ષણિક પ્રવાસે આવેલા આ સ્કૂલના ધોરણ આઠ અને ધોરણ નવમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ સાથે રાજ્યપાલશ્રીએ રસપ્રદ વાર્તાલાપ કર્યો હતો. તેમણે બાળકોને શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું અને તેમને અભ્યાસમાં વિશેષસૂચિ દાખવવા જણાવ્યું હતુ.

# આગામી ચોથીએ ભાજપની નવનિયુક્ત પ્રદેશ કારોબારીની પ્રથમ બેઠક

અમદાવાદ, તા. ૨૬

પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ.કે. જાડેજાએ જણાવ્યું છે કે, ૨૦૧૩ના નવનિયુક્ત સંગઠનની પ્રથમ કારોબારી તા. ૪ ઓગષ્ટને રવિવારના રોજ પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુની અધ્યક્ષતામાં મળશે જેમાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાત પ્રભારી શ્રી ઓમજી માથુર વિશેષ ઉપસ્થિત રહેશે.

શ્રી જાડેજાએ જણાવ્યું હતું કે ગાંધીનગર, ટાઉનહોલ ખાતે મળનારી પ્રદેશ કારોબારીમાં પ્રદેશના પદાધિકારીઓ, પ્રદેશ કારોબારીના સભ્યશ્રીઓ, પ્રદેશ કારોબારીના આમંત્રિત સભ્યો અને વિશેષ આમંત્રિત સભ્યો ઉપરાંત ગુજરાતમાં રહેતા રાષ્ટ્રીય પદાધિકારીશ્રીઓ, રાષ્ટ્રીય કારોબારીના સભ્યો, રાષ્ટ્રીય મોરચાના પદાધિકારીઓ અને સેલના સંયોજક-સહ સંયોજક તથા પ્રદેશ મોરચાના પ્રમુખશ્રીઓ, પ્રદેશ સેલના કન્વીનરશ્રીઓ, જિલ્લા પ્રભારીશ્રીઓ, જિલ્લાના પ્રમુખ-મહામંત્રીશ્રીઓ સહિત જિલ્લા પંચાયતના પ્રમુખ/વિપક્ષના નેતા અને મહાનગરના મેયર/વિપક્ષના નેતા હાજરી આપશે.

શ્રી જાડેજાએ જણાવ્યું હતું કે કારોબારીમાં અગ્રણીઓના માર્ગદર્શન ઉપરાંત પક્ષના આગામી કાર્યક્રમોની રૂપરેખા નક્કી કરવામાં આવશે, વિવિધ ઠરાવ પસાર કરવામાં આવશે અને આગામી લોકસભાની ચૂંટણીમાં ભાજપના સંપૂર્ણ વિજયના વિશ્વાસનો સંકલ્પ કરવામાં આવશે.

# અમદાવાદ શહેરમાં મોડી સાંજે વરસાદ

અમદાવાદ, તા. ૨૬

અમદાવાદમાં દિવસ દરમ્યાન હળવા ઝાપટા પડ્યા હતા અને મોડી સાંજે શહેરના ઉત્તર ઝોન અને પશ્ચિમ વિસ્તારમાં વરસાદના ભારે ઝાપટા પડ્યા હતા. મોડી સાંજે અમદાવાદ શહેરમાં ઘણા ભાગોમાં ભારે વરસાદ થયો હતો જેથી નોકરી પરથી ઘરે જતા લોકો અટવાયા હતા. છેલ્લા બે દિવસથી સવારના ગાળામાં વરસાદ પડી રહ્યો હતો પરંતુ આજે દિવસમાં વરસાદમાં બ્રેક રહી હતી પરંતુ સાંજે ભારે તોફાની પવન સાથે વરસાદ તૂટી પડ્યો હતો.

## સંપર્ક યાત્રા... ● છેલ્લા પાનાનું ચાલુ

બોરીજ, ફતેપુરા તથા આદિવાડા ગામોની રૂબરૂ મુલાકાત લીધી હતી.

બોરીજની મુલાકાત દરમ્યાન ગ્રામજનો દ્વારા સ્થાનિક અગત્યના પ્રશ્નોની રજુઆત કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ માટે પુલ બનાવવો, ગટર લાઈનની સંપૂર્ણ સફાઈ કરાવવી, તુટી ગયેલ રોડ નવા બનાવવા, જૈન દેરાસર વિસ્તારમાં પીવાના પાણી અંગે, સરકારી પ્રાથમિક શાળાના બારી-બારણા નવા નાંખવા તેમજ ગામના બગીચામાં કમ્પાઉન્ડ વોલ બનાવવા અંગેની મુખ્ય માંગણી હતી. ફતેપુરા ગામની મુલાકાત દરમ્યાન ગામની ભાગોળે આવેલ અંબિકાધામ-૧, ૨ ની બાજુમાં ગટરલાઈન ઉભરાવાથી ગંદકીના કારણે રોગચાળો ફેલાતો હોઈ, તેનો કાયમી ઉકેલ લાવવા તેમજ ગામમાં ખુબ જ ગંદકી ફેલાયેલ હોઈ, તેને દૂર કરવા ગ્રામજનોની મુખ્ય રજુઆત હતી.

આદિવાડા ગામે ગટર અને પાણીનો પ્રશ્ન હલ કરવા અંગેની રજુઆત હતી. ધારાસભ્ય અશોકભાઈ પટેલે તેમજ પાટનગર યોજના અધિકારીઓએ ખૂબ સારી રીતે બધા ગામોના આગેવાનોને સાંભળી અને પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવવા માટે બાંહેધરી આપી હતી.

લોકસંપર્ક દરમ્યાન ગાંધીનગર શહેર ભાજપના પૂર્વ મંત્રી અશોકજી મકવાણા, ભાજપ વોર્ડ નં. ૮ના મહામંત્રી અને સરકારી પ્રાથમિક શાળાના એસ.એમ.સી.ના અધ્યક્ષ વિનોદકુમાર ઠાકોર, શાળા એસ.એમ.સી.ના સભ્ય સુરેન્દ્રસિંહ રાઠોડ, જોઈતાજી ઠાકોર તથા મહેશ ઠાકોર, અરવિંદ ખાંટ, ગોવાભાઈ ઠાકોર વગેરે સાથે રહી અગત્યની રજૂઆતો કરી હતી.

# આજે ભાજપ યુવા મોરચાની પ્રથમ કારોબારીની બેઠક મળશે

## ગાંધીનગર સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે યોજાનારી બેઠકમાં રાષ્ટ્રીય મહામંત્રી અમિતશાહ અને ફળદુ ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા.૨૬

પ્રદેશ યુવા મોરચાના પ્રદેશ મહામંત્રી હિતેશભાઈ પટેલ અને હિરેનભાઈ હિરપરાએ જણાવ્યું છે કે આવતીકાલે તા. ૨૭ જુલાઈના રોજ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર ખાતે ભારતીય જનતા યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ પ્રદિપસિંહ વાઘેલાની અધ્યક્ષતામાં ભાજપ પ્રદેશ યુવા મોરચાની પ્રથમ કારોબારી બેઠક યોજાશે. જેમાં ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અમિતભાઈ શાહ, પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુ, પ્રદેશ મહામંત્રી શંકરભાઈ ચૌધરી અને પ્રદેશ ઉપાધ્યક્ષ આઈ.કે. જાડેજાની વિશેષ ઉપસ્થિત રહેશે. પટેલ અને હિરપરાએ જણાવ્યું હતું કે પ્રદેશ કારોબારીની આ બેઠકમાં પ્રદેશ હોદ્દેદારો, કારોબારી સભ્યો, યુવા મોરચા અંતર્ગત બનેલા સેલના કન્વીનરો તેમજ જીલ્લા / મહાનગરના પ્રમુખ-મહામંત્રીઓ ઉપસ્થિત રહેશે.

કારોબારીમાં યુવા મોરચાના આગામી કાર્યક્રમો તેમજ રાજ્ય સરકારની યુવા ઉત્થાનની યોજનાઓને રાજ્યના ખૂણે ખૂણે લઈ જવા તેમજ કેન્દ્રની બેજવાબદાર નીતિઓ અને ભ્રષ્ટાચારથી યુવાનોને જાગૃત કરવાના કાર્યક્રમો અંગે ચર્ચા થશે.

# રાજ્યમાં ૧૧૯ તાલુકામાં વરસાદ

## ૧૨ કલાક દરમ્યાન ગુજરાત, દમણ, દાદરા-નગર-હવેલીમાં કેટલાક સ્થળોએ ભારે વરસાદ પડવાની હવામાન વિભાગની ચેતવણી : વ્યારામાં પાંચ ઈંચ

અમદાવાદ, તા.૨૬

રાજ્યમાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન વરસાદી માહોલ વચ્ચે ૧૧૯ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. જેમાં સાબરકાંઠા જિલ્લાના ધનસુરામાં ૧૪૬ મીમી એટલે કે ૬ ઈંચ જેટલો, તાપી જિલ્લામાં વ્યારામાં ૧૨૯ મીમી એટલે કે પાંચ ઈંચથી વધુ જ્યારે જૂનાગઢ જિલ્લાના જૂનાગઢમાં ૯૬ મીમી એટલે કે ચાર ઈંચ વરસાદ વરસ્યો છે. ચોવીસ કલાક દરમ્યાન રાજ્યના જે ૧૧૯ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે તેમાં ૩૦ તાલુકાઓમાં બે થી ૬ ઈંચ જ્યારે ૮૯ તાલુકાઓમાં અડધાથી એક ઈંચ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકામાં ૭૭ મીમી, સાબરકાંઠા, જિલ્લાના મોડાસામાં ૯૦ મીમી, અમદાવાદ જિલ્લાના માંડલમાં ૭૨ મીમી, આણંદ જિલ્લાના સોજીત્રામાં ૭૪ મીમી, પંચમહાલ જિલ્લાના ઘોઘંબામાં ૮૫ મીમી, તાપી જિલ્લાના સોનગઢમાં ૯૩ મીમી અને સુરત જિલ્લાના ઉમરપાડામાં ૮૮ મીમી મળી કુલ ૭ તાલુકાઓમાં ૩ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

રાજ્યના ભાભર તાલુકામાં ૫૧ મીમી, મહેસાણામાં ૫૦ મીમી, હિંમતનગરમાં ૫૮ મીમી, વિરપુરમાં ૫૧ મીમી, બોરસદમાં ૫૮ મીમી, ડભોઈમાં ૪૯ મીમી, કડાણામાં ૫૫ મીમી, ધ્રાંગધ્રાંમાં ૫૪ મીમી, વઢવાણમાં ૫૭ મીમી, જેતપુરમાં ૬૪ મીમી, રાણાવાવમાં ૫૫ મીમી, માળીયામાં ૫૨ મીમી, મેદરડામાં ૫૨ મીમી, બગસરામાં ૫૮ મીમી, લાઠીમાં ૪૮ મીમી, સાગબારામાં ૫૦ મીમી, ઉચ્છલમાં ૫૦ મીમી, વાંસદામાં ૫૯ મીમી, કપરાડામાં ૫૬ મીમી અને વલસાડમાં ૬૨ મીમી મળી કુલ ૨૦ તાલુકાઓમાં બે ઈંચથી વધુ વરસાદ નોંધાયો હોવાના અહેવાલ છે. આ ઉપરાંત થરાદ, વિજાપુર, બાયડ, ભિલોડા, ઈડર, માલપુર, વડાલી, અમદાવાદ શહેર, સાણંદ, આંકલાવ, ખંભાત, તારાપુર, સંખેડા, સાવલી, શિનોર, વડોદરા, ગોધરા, જાંબુઘોડા, ખાનપુર, સંતરામપુર, દાહોદ, દેવગઢબારીયા, તળાજા, અંકલેશ્વર, ભરૂચ, હાંસોટ, વાગરા, વાલીયા, ડેડિયાપાડા, નાંદોદ, નિઝર, વાલોડ, ચોર્યાસી, મહુવા, માંડવી, પલસાણા, નવસારી, ધરમપુરા, પારડી અને ડાંગ મળી કુલ ૫૩ તાલુકાઓમાં એક ઈંચથી વધુ જ્યારે અન્ય ૩૬ તાલુકાઓમાં અડધો ઈંચ કરતા વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચાલુ મોસમનો રાજ્યનો સરેરાશ કુલ વરસાદ ૬૭.૭૫ ટકા જેટલો નોંધાયો છે. જેમાં કચ્છ રિજીયનમાં ૪૨ ટકા, ઉત્તર ગુજરાતમાં ૬૫ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૫૯ ટકા, સૌરાષ્ટ્રમાં ૭૫ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૭૧ ટકા જેટલો સરેરાશ વરસાદ નોંધાયો છે.


**અરણ્ય ઉદ્યાન (પૂર્વ કાંઠા), 'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગર ખાતેના સિવિલ કામોના મજુરીના ભાવોનું ટેન્ડર જાહેરાત મફતમાં વધારો**

તા. ૧૦-૭-૨૦૧૩ના ગાંધીનગર સમાચાર દૈનિક વર્તમાનપત્રમાં ઉપર વિષય બાબતેની પ્રસિદ્ધ થયેલ જાહેરાતના અનુસંધાને ટેન્ડર ભાવો નિયત પ્રમાણમાં નહીં મળતાં સબબ સિવિલ કામોના તમામ પ્રકારના મજુરી કામો અંગે યથાયોગ્ય ટેન્ડર કોપી મેળવી લેવાની મુદત વધારો તા. ૧-૮-૨૦૧૩ સુધી કરવામાં આવતાં, તદાનુસાર ભાવો ભરી તા. ૩-૮-૨૦૧૩ સુધીમાં અત્રેને આર.પી.એ.ડી.થી મળે તે રૂએ મોકલી આપવાના રહેશે. તા. ૫-૮-૨૦૧૩ના ૧૨.૦૦ કલાકે નાયબ નિયામક, આર. એન્ડ ડી, 'ગીર' ફાઉન્ડેશનની ચેમ્બરમાં ટેન્ડર ખોલવામાં આવનાર છે જે વખતે ટેન્ડરર હાજર રહી શકશે.

સરનામું
'ગીર' ફાઉન્ડેશન, ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન
જ-રોડ, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨૨૧૩૮૫, ૨૯૨૮૯૦૪૫

નાયબ નિયામકશ્રી (ઇ.ઇ)
'ગીર' ફાઉન્ડેશન
ગાંધીનગર

## શબ્દાવલી - ૫૧૩૧



### આડી ચાવી

૧. ... અને મરણ આપણા હાથની વાત નથી (૩)
૩. સભાન હોવું તે (૪)
૬. સુનિલદત્તની અભિનેત્રી સ્વ.પત્ની (૪)
૭. તપ કરનાર પુરૂષ (૩)
૯. તપસ્યા, સાધના (૩)
૧૧. પુષ્પ... માં સોનું-ચાંદી ખરીદવું ઉત્તમ ગણાય તેવી માન્યતા (૩)
૧૩. નમેલા મસ્તકે (૫)
૧૫. ઝેર (૨)
૧૭. કેડ, કટિપ્રદેશ (૩)
૧૯. લવ-કુશના પિતાશ્રી... (૨)
૨૦. વાણી, અવાજ (૨)
૨૧. શ્રૃંગાર (૪)
૨૨. કુંગફુની કળાનો નિષ્ણાંત અદાકાર (૩)

### ઊભી ચાવી

૧. દુનિયા (૩)
૨. મનની ઈચ્છા પ્રમાણે વર્તન કરનાર (૩)
૩. કાચી વયનું, ઓછી ઉંમરવાળું (૩)
૪. 'આભાસ' ભ્રમણા (૨)
૫. તાંબાનું પતરૂં (૪)
૮. જૂના રદ્દી છાપા-પેપર (૨)
૯. નાગલોકનો એક આગેવાન (૩)
૧૦. જાતકર્મ, જન્માક્ષર (૩)
૧૧. વાઢકાપ કે તે કરવાનું ઓજાર (૩)
૧૨. ફુરસદ (૪)
૧૪. મોહમાયા, મમતા (૩)
૧૬. ઢોકળા જેવી વાનગી (૩)
૧૮. દ્રૌપદીને... પણ કહેવાય (૩)
૨૦. દુર્ગંધ (૨)

### શબ્દાવલી ૫૧૩૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) તમીજ (૪) વાળ (૫) નજરકેદ (૭) ફરક (૯) તાક (૧૧) ડાટ (૧૩) ભાર (૧૪) પરસ્પર (૧૬) મરજી (૧૭) જનક (૨૧) વાયા (૨૨) વાસણ (૨૩) કદ (૨૪) તગડી

**ઊભી ચાવી :-** (૧) તરફડાટ (૨) જનક (૩) સુરતા (૪) વાદ (૬) કેક (૮) રટ (૧૦) તાર (૧૨) મરજીયાત (૧૪) પરવા (૧૫) રજવાડી (૧૮) નસ (૧૯) કણકી (૨૦) તક